## સારાંશ

## ટૉરેન્ટ પાવર લીમીટેડ- દહેજ સપ્લાય એરિયા

## કેસ નંબર ૧૯૨૮/૨૦૨૧

### પૂર્વભૂમિકા

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ ટીપીએલ-ડી આ અરજી માનનીય કમિશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

1. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે એઆરઆરનું ટ્રુ અપ અને નિયંત્રીત/ અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ નફા/ નુકશનની વહેંચણી
2. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆરનુ નિર્ધારણ
3. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની ખાધ/પુરાંતનુ નિર્ધારણ
4. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વિજદરનુ નિર્ધારણ

### નાણાંકીયવર્ષ ૨૦૧૯-૨૦ માટે ટ્રુ-અપ

૧.૨ માનનીય કમિશને નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ટીપીએલ-ડીના સુધારેલા એઆરઆરની મંજુરી ૧૭મી જુલાઇ, ૨૦૧૯ (કેસ નંબર ૧૭૬૬/૨૦૧૮) ના એમટીઆર ઓર્ડર દ્વારા આપેલ છે. જે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેના અનુમાનો પર આધારિત, હતા. એઆરઆરની મંજુરી નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારિત છે.

૧.૩ ટીપીએલ-ડી જીઇઆરસી મલ્ટીયર ટેરીફ રેગ્યુલેશન મુજબ માનનીય કમિશના ૧૭ મી જુલાઇ ૨૦૧૯ (કેસ નંબર ૧૭૬૬/૨૦૧૮) ના એમટીઆર ઓર્ડરના આધારે ટ્રુ-અપ માટેની અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-ડીએ એઆરઆરના ટ્રુ-અપ માટે નીચેના માપદંડ ધ્યાનમાં લીધેલ છે:

a) વીજળીની ખરીદી મિશ્રણ, જથ્થા અને કિંમતમાં થતા ફેરફારના કારણે વીજળીની ખરીદ ખર્ચમાં થતો બદલાવ
b) ફીક્સડ ખર્ચો, જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, ઘસારો, વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવપાત્ર નફો, ઘાલખાધ, આવક વેરો અને નોન-ટેરીફ આવકમાં થતા બદલાવ
c) નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને નફા/નુકશાન ની વહેંચણી

૧.૫ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે વીજળીની જરુરીયાત વાસ્તવિક વેચાણ અને વાસ્તવિક વીજ વિતરણ લોસ પર આધારિત છે. દહેજ પુરવઠા વિસ્તારનુ વેચાણ ૪૮૦.૬૦ એમયુ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે વાસ્તવિક વીજ વિતરણ લોસ ૦.૩૧ ટકા થયેલ છે.

૧.૬ ટ્રુડ-અપ એઆરઆરની ગણતરી વસ્તવિક ખર્ચા અને ૧૭ મી જુલાઇ ૨૦૧૯ના એમટીઆર ઓર્ડર (કેસ નંબર ૧૭૬૬/૨૦૧૮) મુજબ મંજુર કરેલ ખર્ચાને ધ્યાનમાં લઇને કરવામાં આવી છે. કિંમત, જથ્થા અને સ્ત્રોતમાં થતા બદલાવને કારણે વીજળીની ખરીદ કિંમતમાં થતો ફેરફાર અનિયંત્રિત છે અને તે મુજબ, તે એઆરઆરમાં ધ્યાને

લેવામાં આવેલ છે. દહેજના સપ્લાય વિસ્તાર માટે માનનીય કમીશનના ૧૭ જુલાઇ, ૨૦૧૯ (કેસ નંબર ૧૭૬૬/૨૦૧૮) ના એમટીઆર ઓર્ડર દ્વારા નિર્ધારિત કરેલ વીજ વિતરણ લોસની સરખામણીમાં વાસ્તવિક વીજ વિતરણ લોસ ઘટેલ છે જ્યારે ઓ એન્ડ એમ ખર્ચમાં વધારો થયેલ છે.

૧.૭ દહેજ સપ્લાય વિસ્તારના ફીક્સડ ખર્ચાઓ જેમ કે વ્યાજ ખર્ચ, ઘસારો, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર, આવકવેરો અને નોન-ટેરીફ આવકને દરેકનાં નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોના વર્ગીકરણનાં આધારે ટ્રુ-અપ કરવામાં આવેલ છે. એ પ્રમાણે નફા/નુકશાનની વહેંચણીકરી, એઆરઆરનું ટ્રુ-અપ કરવામાં આવેલ છે. આ રીતે ટ્રુઇંગ અપ કરેલ એઆરઆરને નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાંણાકિય વર્ષ ૨૦૧૯-૨૦ માટે દહેજ સપ્લાય વિસ્તારનું ટ્રુ અપ કરેલ એઆરઆર**

| રૂ.કરોડમાં | | |
|---|---|---|
| એમવાયટી આર્ડર મુજબ એઆરઆર | (એ) | ૧૮૬.૫૬ |
| અનિયંત્રીત પરિબળોને કારણે નફો/(નુકશાન) | (બી) | (૫૦.૬૯) |
| નિયંત્રીત પરિબળોને કારણે નફો/(નુકશાન) | (સી) | |
| ટેરીફ તરીકે પાસ-થ્રુ | ડી=-(બી+૧/3 સી) | ૫૦.૬૯ |
| ટ્રુ-અપ એઆરઆર | ઇ= એ+ડી | ૨૩૭.૨૫ |

૧.૮ ટીપીએલ-ડી(ડી) જણાવવા માંગે કે જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના વર્ષની ખાધ/(પુરાંત)ની વસૂલાત માનનીય કમિશનના ૧૭ જુલાઇ, ૨૦૧૯ અને ૫ સપ્ટેમ્બર ૨૦૨૦ (૯ જૂન ૨૦૨૦ ના રોજ અપેટલ ચુકાદા સાથે ) ના ઓર્ડર મુજબ રુ ૧૯.૧૬ કરોડ ધ્યાને લીધેલ છે. અરજદારે રજુ કરેલ છે કે માનનીય કમિશન દ્વારા પાછલા વર્ષોની નામંજુર કરેલ કેરીંગ કોસ્ટને માનનીય ટ્રિબ્યુનલના ચુકાદા પ્રમાણે સંપૂર્ણપણે વસૂલવાની મંજુરી આપવી જોઇએ. તે મુજબ, અરજદારે કેરીંગ કોસ્ટને ધ્યાને લીધેલ છે.

૧.૯ આમ ઉપર મુજબ, ટ્રુ-અપ થયેલા એઆરઆરની સરખામણી વાસ્તવિક વીજળીના વેચાણની આવકમાં અગાઉના વર્ષોની ખાધ/(પુરાંત)ને ધ્યાને લીધા બાદ તારવેલી આવક સાથે કરી નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની ખાધ/પુરાંત તારવવામાં આવી છે. જે નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૨: નાંણાકિય વર્ષ ૨૦૧૯-૨૦ માટે દહેજ સપ્લાય વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| રૂ.કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| ટ્રુ-અપ એઆરઆર | ૨૩૭.૨૫ |
| | |
| વિજળીના વેચાણથી થતી આવક | ૨૩૯.૮૭ |
| બાદઃ જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના સમયની ખાધ/(પુરાંત) | (૧૯.૧૬) |

| રૂ. કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| બાકીની આવક | ૨૫૯.૦૩ |
| | |
| ખાધ/(પુરાંત) | (૨૧.૭૮) |

૧.૧૦ ટીપીએલે માનનીય કમિશનને ઉપરની ગણતરી મુજબ એઆરઆરની અને આવકની ખાધ/(પુરાંત) મંજુર કરવા માટે અરજ કરેલ છે.

**નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆર**

૧.૧૧ માનનીય કમિશને ૨૨ ડિસેમ્બર, ૨૦૨૦ના ઓર્ડર દ્વારા યુટીલીટીને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ના સિદ્ધાંતો અને પદ્ધતિના આધારે નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી કરવા નિર્દેશ કરેલ છે. તે મુજબ અરજદારે જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ની જોગવાઇઓ અનુસાર દહેજ સપ્લાય વિસ્તાર માટે નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરેલ છે.

૧.૧૨ અંદાજીત એઆરઆરના અનુમાનો નીચે મુજબ છે:

એ) વીજ વેચાણના અંદાજો: ગ્રાહકોના ડેવલપમેન્ટ પ્લાન મુજબ તેમના પ્રકાર, લોડ અને વીજ વપરાશની અંદાજીત પેટર્નની માહિતીના આધારે અંદાજીત વીજ વેચાણ તારવવામાં આવેલ છે.

બી) વીજ વિતરણ લોસઃ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે દહેજ સપ્લાય એરિયા માટે વીજ વિતરણ લોસ ૨ ટકા પ્રસ્તાવિત કરેલ છે.

સી) વીજ ખરીદી ખર્ચ: વીજ જરૂરીઆતને પુરી પાડવા પર્યાપ્ત વીજ સ્ત્રોતોના આધારે વીજ ખરીદી ખર્ચ તારવવામાં આવે છે. અરજદારે વીજ જરૂરીઆતને પહોંચી વળવા માટે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં કર્યરત થયેલા ડીજેન પ્રોજેક્ટ સાથે લાંબા ગાળાની વીજ ખરીદીની વ્યવસ્થા કરેલ છે. પરંતુ, વીજળીની માંગ ડીજેન પ્રોજેક્ટમાંથી વીજળીની ખરીદી કરવા યોગ્ય સ્તરે પહોંચી ન હોવાથી, અરજદારે ડીજેન પ્રોજેક્ટમાંથી વીજળીની ખરીદી કરવાની દરખાસ્ત કરી નથી. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે, અરજદારે વીજ જરૂરીઆત દ્વિપક્ષીય કરાર અને પાવર એક્ષચેન્જ દ્વારા પૂરી કરવા દરખાસ્ત કરેલ છે.

ડી) મૂડી ખર્ચ યોજના: ગ્રાહકોની માંગને પહોંચી વળવા અને વિશ્વસનીય અને ગુણવત્તાયુક્ત વીજળી આપવાના હેતુથી અરજદારે વીજ વિતરણ નેટવર્કના યોગ્ય વિકાસ માટે મૂડી રોકાણ ની યોજના બનાવી છે. દહેજ સપ્લાય એરિયાના મહત્વના મૂડી ખર્ચમાં ઇએચવી યોજનાઓમાં રૂ.૭.૦૨ કરોડ, એચવી યોજનાઓમાં રૂ.૧.૩૮ કરોડ, એલટી નેટવર્ક યોજનાઓમાં રૂ.૦.૮૨ કરોડ, અને મીટરિંગ, ગ્રાહક સેવાઓ, આઇટી, સ્ટોર, બાંધકામવગેરે તરફ રૂ.૧.૮૩ કરોડ રજુ કરેલ છે.

ઇ) ઓ એન્ડ એમ ખર્ચ: દહેજ એસઇઝેડ વિકસીત તબક્કે છે. તેમ છતાં, અરજદારે એમવાયટી રેગ્યુલેશન્સ, ૨૦૧૬ માં નિર્દિષ્ટ પદ્ધતિ મુજબ ઓ એન્ડ એમ ખર્ચનો અંદાજ લગાવ્યો છે.

એફ) ઘસારો , વ્યાજ ખર્ચ, કાર્યકારી મૂડી પરનો વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર વગેરેની ગણતરી જીઇઆરસી હ્રમલ્ટીયર ટેરીફ્ફ રેગ્યુલેશન્સ, ૨૦૧૬ અનુસાર કરવામાં આવી છે.

૧.૧૩ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે દહેજ સપ્લાય એરિયા માટે નિર્ધારિત એઆરઆર નીચે કોષ્ટકમાં આપેલા છે

**કોષ્ટક ૩: નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે દહેજ સપ્લાય એરિયાની એઆરઆર**

| રૂ. કરોડમાં | નાંણાકિય વર્ષ ૨૦૨૧-૨૨ |
|---|---|
| પવર પરચેઝ | ૨૩૧.૨૩ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૭.૪૪ |
| ઘસારો | ૭.૪૯ |
| વ્યાજ ખર્ચ | ૪.૭૩ |
| કાર્યકારી મૂડી પર વ્યાજ | - |
| એસડી પર વ્યાજ | ૨.૦૪ |
| ઘાલખાધ | |
| આકસ્મિક અનામત | ૦.૯૨ |
| ઇક્વિટી પર મળવાપાત્ર વળતર | ૬.૪૦ |
| આવક વેરો | ૨.૧૧ |
| ઓછું: બિન-ટેરિફ આવક | ૪.૧૫ |
| એઆરઆર | **૨૫૮.૨૧** |

૧.૧૪ જીઇઆરસી (ડિમાન્ડ સાઇડ મેનેજમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૨ અનુસાર દહેજ સપ્લાય વિસ્તાર માટે નિયંત્રીત સમયગાળા માટેની ડીએસએમ યોજના માનનીય કમીશન સમક્ષ રજુ કરવા દર્શાવેલ છે. આ બાબતે, અરજદાર ડીએસએમ યોજનાના અમલીકરણ માટે માનનીય કમિશન સમક્ષ અલગથી રજુઆત કરશે.

**નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેની ખાધ /(પુરાંત)નું વિશ્લેષણ ઃ**

૧.૧૫ વીજવેચાણથી થતી આવકને ધ્યાને લઇ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ની ખાધ/(પુરાંત) તારવવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૪: નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે દહેજ પૂરવઠા વિસ્તારના આવકની ખાધ /(પુરાંત)**

| **રુ.કરોડમાં** | |
|---|---|
| એઆરઆર | ૨૫૮.૨૧ |
| બાદ : | |
| વર્તમાન દરે વીજળીના વેચાણથી થતી આવક | ૨૧૯.૮૫ |
| | |
| | |
| **નેટ ખાધ/(પુરાંત)** | **૩૮.૩૬** |

ટીપીએલે માનનીય કમિશનને ઉપર દર્શાવેલ ખાધ/(પુરાંત)ને મંજુર કરવા રજુઆત કરેલ છે.

૧.૧૬ ટીપીએલએ માનનીય કમિશનને મંજુર કરેલ/ નિર્દિષ્ટ કરેલ પદ્ધતિ મુજબ કેરીંગ કોસ્ટ ગણેલ છે. તે મુજબ, ટીપીએલ-ડીએ માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની ખાધ/(પુરાંત) ઉપરાંત માનનીય કમિશનને મંજુર કરેલ/ નિર્દિષ્ટ કરેલ પદ્ધતિ મુજબ કેરીંગ કોસ્ટ સહીત ઉપરોક્ત બાકી રહેતા નાણા ધ્યાને લેવા દરખાસ્ત કરેલ છે.

૧.૧૭ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેના દર નિર્ધારણ માટેની આવકની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૫: નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના દર નિર્ધારણ માટે દહેજ પૂરવઠા વિસ્તારના આવકની સંચિત ખાધ/(પુરાંત)**

| **રુ.કરોડમાં** | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ખાધ/(પુરાંત) | (૨૧.૭૮) |
| વ્યાજખર્ચ (કેરીંગ કોસ્ટ) | (૧.૯૯) |
| | |
| નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની ખાધ/(પુરાંત) | **૩૮.૩૬** |
| | |
| **વીજદર મારફતે વસુલવા યોગ્ય સંચિત ખાધ/(પુરાંત)** | **૧૪.૫૯** |

૧.૧૮ અરજદારે રજુ કરેલ છે કે રુ.૧૪.૫૯ કરોડની સંચિત ખાધ (રૂ.૨૧.૭૮ કરોડ નું સંચિત પુરાંત અને રૂ. (૧.૯૯) કરોડ નું કેરીંગ કોસ્ટ ) વસૂલ કરવા માટે ૧ લી એપ્રિલ, ૨૦૨૧ થી ટેરિફમાં રૂ.૦.૨૭ પ્રતિ યુનિટ વધારો કરવા વિનંતી કરેલ છે.

૧.૧૯ વધુમાં, માનનીય કમીશન/ માનનીય ટ્રિબ્યુનલ સમક્ષની સીપી/ આરપી/ અપીલના નીરાકરણ સંબંધિત ખાધ/ કેરીંગ કોસ્ટને રેગ્યુલેટરી ચાર્જ દ્વારા વસૂલવા માટે પ્રસ્તાવિત કરેલ છે.

૧.૨૦ વીજદરમાં માળખાના સુચીત ફેરફારના સારાંશ **એનેક્ષર – ૧** માં આપવામાં આવેલ છે.

**દાદ :**

૧.૨૧ ટીપીએલએ હાલની અરજી નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ટ્રુઇંગ-અપ, નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆર અને નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે દહેજ સપ્લાય વિસ્તાર

માટેના વીજ દર નિર્ધારણ માટે દાખલ કરેલ છે.

૧.૨૨ હકીકતો અને સંજોગોના આધારે, ટીપીએલએ માનનીય કમિશનને નીચે મુજબ અરજી કરેલ છે:

એ) નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ટ્રુઇંગ-અપ, નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆર, અને નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના વીજદર નિર્ધારણ માટે ની પીટીશનની સ્વીકૃતી.

બી) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ટ્રુઅપ ખાધ/(પુરાંત)ની મંજુરી.

સી) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ટીપીએલ-ડી(ડી) દ્વારા પ્રસ્તાવિત નફા/નુકશાનની વહેંચણીની મંજુરી.

ડી) નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેના એઆરઆરની મંજુરી.

ઇ) સંચિત ખાધ/(પુરાંત)ની મંજુરી.

એફ) વ્હીલીંગ એઆરઆર અને એને અનુરૂપ વીજવહન માટેના દરની તા. ૧ લી એપ્રિલ, ૨૦૨૧ થી મંજુરી

જી) દરખાસ્ત મુજબ રીટેલ વીજદર થકી વસુલાતની મંજુરી

એચ) અરજદાર દ્વારા માનનીય ટ્રીબ્યુનલ/માનનીય કમિશનમાં કરેલી અરજી/સમીક્ષાઓના નિર્ણયો અનુસાર ખર્ચાઓની વસુલાત માટેની મંજુરી.

આઇ) ભવિષ્યમા અરજીમાં ઉમેરો/સુધારા/ફેરફાર/બદલાવો માટેની પરવાનગી.

જે) અરજીકરનારને કાર્યવાહી દરમ્યાન અસરકારક પ્રસ્તુતી માટે સમયાનુસાર જુરી દલીલો અને દસ્તાવેજો ફાઇલ કરવા માટેની પરવાનગી.

કે) માનનીય કમીશનને યોગ્ય લાગતી અન્ય રાહત, આદેશ અથવા નિર્દેશોની વિનંતિ

એલ) કોઇ પણ અજાણતા થયેલી ગફલત/ભૂલ/તફાવત/ખામીઓની માફી

*(નોંધ:ગુજરાતી અનુવાદ મુળ અંગ્રેજી નકલ પર આધારિત છે. અર્થઘટન માટે અંગ્રેજી નકલ પ્રમાણિત ગણાશે.)*

## એનેક્ષરઃ દહેજ સપ્લાય વિસ્તાર માટે ના સુચીત દરોના ફેરફારઃ

| ક્રમ | કેટેગરી | ફિક્સડ ચાર્જ | વપરાશ | ઉર્જા ચાર્જ |
|---|---|---|---|---|
| 1. | **આરજીપી**<br>(રહેણાંકનાં કનેકશન માટે)<br>• સીંગલ ફેઝ સપ્લાયઃ ૬ કિલોવોટ સુધીના કુલ વીજભાર માટે<br>• થ્રી ફેઝ સપ્લાયઃ ૬ કિલોવોટથી વધુના કુલ વીજભાર માટે) | રૂ. ૧૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ | પ્રથમ ૫૦ યુનિટ | ૨૦૫ પૈસા/યુનીટ |
| | | | પછીના ૫૦ યુનિટ | ૨૬૦ પૈસા/યુનીટ |
| | | | પછીના ૧૫૦ યુનિટ | ૩૨૫ પૈસા/યુનીટ |
| | | | ૨૫૦ યુનિટથી વધુ માટે | ૪૧૫ પૈસા/યુનીટ |
| 2. | **નોન- આરજીપી**<br>અલગ કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૧૫ કિલોવોટ કે તેથી ઓછા વિજભાર હોય તેવા કનેકશન માટે | **૧૫ કિલોવોટ સુધીના કનેક્ટેડ લોડ માટે**<br>રૂ. ૭૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ | ૧૦ કિલોવોટ સુધીના કનેક્ટેડ લોડ માટે | ૩૧૫ પૈસા/યુનીટ |
| | | | ૧૦ કિલોવોટથી વધુના કનેક્ટેડ લોડ માટે | ૩૪૦પૈસા/યુનીટ |
| | | **સીઝનલ ગ્રાહકો માટે લઘુતમ બીલ પ્રતિ ઇન્સ્ટોલેશન**<br>સીઝનલ ગ્રાહકો દ્વારા "ફિક્સ્ અને એનર્જી ચાર્જીસ" હેઠળ ચુકવવા પાત્ર લઘુતમ રકમ કોન્ટ્રેક્ડ લોડ પર રૂા ૨૧૬૦ પ્રતિ કિલોવોટ પ્રતિ વર્ષછે. | **સીઝનલ ગ્રાહકો માટે લઘુતમ બીલ પ્રતિ ઇન્સ્ટોલેશન** | ઓફ-સીઝ્ન દરમિયાન વપરાયેલા યુનિટ ૩૭૦ પૈસા/યુનીટના દરે ચાર્જ કરવામાં આવશે |
| 3. | **એલટીએમડી**<br>અલગ કેટેગરીમાં આવરી લેવાયેલ ન | **કોન્ટ્રાકટ ડિમાન્ડ સુધીની બિલીંગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૪૦ કિલોવોટ માટે** | 330પૈસા/યુનીટ | |

| ક્રમ | કેટેગરી | ફિક્સડ ચાર્જ | વપરાશ | ઊર્જા ચાર્જ |
|---|---|---|---|---|
| | હોય અને ૧૫કિલોવોટથી વધુના અને ૧૦૦ કિલોવોટ સુધીના વિજભારના હોય તેવા કનેકશન માટે નોન- આરજીપી કેટેગરીમાં આવરી લેવાયેલ ગ્રાહકો જે નોન- આરજીપી કેટેગરીના વીજદર સિવાય પસંદ કરવા માંગતા હોય | રૂ. ૧૨૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**પછીના ૨૦ કિલોવોટ**<br>રૂ. ૧૬૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**૬૦ કિલોવોટથી ઉપર**<br>રૂ. ૨૨૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ પર**<br>રૂ. ૩૦૦ પ્રતિ કિલોવોટ પ્રતિ મસ<br>**એલટીએમડી સીઝનલ ગ્રાહકો માટેઃ**<br>સીઝનલ ગ્રાહકો દ્વારા "ડિમાન્ડ અને એનર્જી ચાર્જીસ " હેઠળ ચુકવવા પાત્ર લઘુત્તમ રકમ બીલીંગ ડિમાન્ડ પર રૂા ૩૩૦૦ પ્રતિ કિલોવોટ પ્રતિ વર્ષ છે. | **એલટીએમડી સીઝનલ ગ્રાહકો માટે** | ઓફ-સીઝન દરમિયાન વપરાયેલા યુનિટ ૩૭૦ પૈસા/યુનીટના દરે ચાર્જ કરવામાં આવશે |
| 4. | **એચટીપી-૧**<br>(અલગ એચટી કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૧૦૦ કેવીએ અને તેથી વધુના વીજભારના હોય તેવા કનેકશન માટે) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલીંગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૫૦૦ કેવિએ માટે**<br>રૂ. ૨૦૦ પ્રતિ કેવિએ પ્રતિ માસ<br>**પછીના ૫૦૦ કેવિએ**<br>રૂ. ૩૦૦ પ્રતિ કેવિએ પ્રતિ માસ<br>**૧૦૦૦ કેવિએથી વધુ**<br>રૂ.૪૭૫ પ્રતિ કેવિએ પ્રતિ માસ<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ પર**<br>રૂ. ૫૫૫ પ્રતિ કેવિએ પ્રતિ માસ | ૫૦૦ કેવીએ સુધીની બિલીંગ ડિમાન્ડ | ૩૦૦પૈસા/યુનીટ |
| | | | પછીની ૨૦૦૦ કેવીએની બિલીંગ ડિમાન્ડ સુધી | ૩૨૫પૈસા/યુનીટ |
| | | | ૨૫૦૦ કેવીએથી વધુની બિલીંગ ડિમાન્ડ માટે | ૩૩૦પૈસા/યુનીટ |

| ક્રમ | કેટેગરી | ફિક્સડ ચાર્જ | વપરાશ | ઊર્જા ચાર્જ |
|---|---|---|---|---|
| | | **એચટી સીઝનલ ગ્રાહકો માટેઃ**<br>સીઝનલ ગ્રાહકો દ્વારા "ડિમાન્ડ અને એનર્જી ચાર્જીસ" હેઠળ ચુકવવા પાત્ર લઘુત્તમ રકમ બીલીંગ ડિમાન્ડ પર રૂા ૫૧૬૦ પ્રતિ કેવિએ પ્રતિ વર્ષ છે. | **એચટી સીઝનલ ગ્રાહકો માટે** | ઓફ-સીઝન દરમિયાન વપરાયેલા યુનિટ ૩૭૫ પૈસા/યુનીટના દરે ચાર્જ કરવામાં આવશે |
| 5. | **એચટીપી-2**<br>(પાણીકામ અને ગટર પમ્પિંગ સ્ટેશનો માટે ૧૦૦ કેવીએ અને તેથી વધુની કોન્ટ્રાકટ ડિમાન્ડ માટે) | **કોન્ટ્રક્ટ ડિમાન્ડ સુધીની બિલીંગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૫૦૦ કેવિએ માટે**<br>રૂ. ૧૫૫ પ્રતિ કેવિએ પ્રતિ માસ<br>**પછીના ૫૦૦ કેવિએ**<br>રૂ. ૨૭૫ પ્રતિ કેવિએ પ્રતિ માસ<br>**૧૦૦૦ કેવીએથી વધુ**<br>રૂ. ૩૨૫ પ્રતિ કેવિએ પ્રતિ માસ<br>**કોન્ટ્રાકટ ડિમાન્ડ કરતાં વધુ પર**<br>રૂ. ૪૦૦ પ્રતિ કેવિએ પ્રતિ માસ | ૫૦૦ કેવીએ સુધીની બિલીંગ ડિમાન્ડ | ૩૧૦પૈસા/યુનીટ |
| | | | પછીની ૨૦૦૦ કેવીએની બિલીંગ ડિમાન્ડ સુધી | ૩૨૦પૈસા/યુનીટ |
| | | | ૨૫૦૦ કેવીએથી વધુની બિલીંગ ડિમાન્ડ માટે | ૩૩૦પૈસા/યુનીટ |
| 6. | **એચટીપી-3**<br>(હંગામી વીજ પુરવઠા માટે ૧૦૦ કેવીએ અને તેથી વધુની કોન્ટ્રાકટ ડિમાન્ડ. જે ગ્રાહકો નિયમિતપણે ઉચિત કરારનામાં હેઠળ વીજ પુરવઠો નહી લેતા હોય તેમને હંગામી વીજ પુરવઠા હેઠળ ગણવામાં આવશે) | **કોન્ટ્રક્ટ ડિમાન્ડ સુધીની બિલીંગ ડિમાન્ડ**<br>રૂ. ૧૯ પ્રતિ કેવિએ પ્રતિ દિવસ<br>**કોન્ટ્રક્ટ ડિમાન્ડ કરતાં વધુ પર**<br>રૂ. ૨૫ પ્રતિ કેવિએ પ્રતિ દિવસ | ૫૪૦ પૈસા/યુનીટ | |

તદઉપરાંત, એલટી-ટેમ્પરરી, ડબ્લ્યુડબ્લ્યુએસપી ના એનર્જી ચાર્જમાં ૨૦ પૈસા/યુનીટ અને નોન-આરજીપી નાઇટ, એલટીએમડી નાઇટ, એલટી-ઇવિસિ, સ્ટ્રિટ લાઇટ, એચટી-૪ અને એચટી--ઇવિસિ ના એનર્જી ચાર્જમાં ૨૫ પૈસા/યુનીટનો વધારો પ્રસ્તાવિત કરેલ છે.